*This Question Paper contains 16 printed pages.*
*(Part - A & Part - B)*

Sl.No. 0157731

# 10(G)

(MARCH, 2018)
(New Course)

| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ OMR શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે. Set No. of Question Paper, circle against which is to be darken in OMR sheet. |
|---|
| **01** |

**Part - A : Time : 1 Hour / Marks : 50**
**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

*Time : 1 Hour]* *[Maximum Marks : 50*

**સૂચનાઓ :**

1) **આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.**
2) **પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.**
3) **કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.**
4) **પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલપેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.**
5) **પ્રશ્નપત્રકના ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.**

1) નીચે પૈકી કઈ જોડી ખોટી છે ?

(A) સિદ્ધપુર – રુદ્ર મહાલય

(B) અમદાવાદની – સીદી સૈયદની જાળી

(C) પાટણ – સહસ્ત્રલિંગ તળાવ

(D) ચાંપાનેર – મહોબતખાનનો મકબરો

2) કઈ પ્રજા પ્રાચીનકાળમાં પશ્ચિમ ચીનમાંથી તિબેટમાં થઈ ભારતમાં આવી ઉત્તર આસામ, સિક્કિમ,ભૂતાન, પૂર્વ બંગાળામાં વસવાટ કર્યો ?

(A) મોંગોલોઈડ (B) દ્રવિડ

(C) ડિનારિક (D) આર્મેનોઈડ

3) 'વિશ્વ યોગ દિવસ' કઈ તારીખે ઉજવવામાં આવે છે ?

(A) 18 જૂન
(B) 21 જૂન
(C) 23 જૂન
(D) 26 જૂન

4) નીચે આપેલા લક્ષણો પરથી એક કળાને ઓળખી બતાવો.

– સસ્તા ખર્ચે લોક શિક્ષણ સાથે મનોરંજન પીરસે છે.
– સોલંકી યુગમાં તેને પ્રોત્સાહન અપાયું.
– તેના વિષયવસ્તુમાં સામાજિક કુરિવાજોના પ્રતિકારનો સમાવેશ થાય છે.
– તેના મુખ્ય પાત્રો રંગલો-રંગલી હોય છે.

(A) ગરબા
(B) રાસ
(C) ભવાઈ
(D) ધમાલનૃત્ય

5) સંસ્કૃત ભાષામાં સ્થાપત્ય માટે બીજો કયો શબ્દ વપરાય છે ?

(A) વાસ્તુ
(B) કોતરણી
(C) મંદિર
(D) ખંડેર

6) મસ્જિદના સ્તંભોવાળા ઓરડાને ........ કહે છે.

(A) સહન
(B) મકસુરા
(C) મહેરાબ
(D) લિવાન

7) નીચે આપેલા મંદિરોમાંથી કયું મંદિર તેરમાળનું ગોપુરમ્ ધરાવે છે ?

(A) બૃહદેશ્વર મંદિર

(B) મીનાક્ષી મંદિર

(C) ખજૂરાહો

(D) કોણાર્કનું સૂર્યમંદિર

8) કવિ ચંદબરદાઈનો કયો ગ્રંથ હિન્દી સાહિત્યનો પ્રારંભિક ગ્રંથ છે ?

(A) વિક્રમાદેવ ચરિત

(B) કવિ રાજ માર્ગ

(C) પૃથ્વીરાજ રાસો

(D) ચંદ્રાયન

9) નીચે આપેલા જોડકાં જોડો.

| | |
|---|---|
| (i) કૌટિલ્ય | (a) ફતવા-એ-જહાંદારી |
| (ii) પાણિની | (b) આયના-એ-અકબરી |
| (iii) અબુલ-ફજલ | (c) ગીત ગોવિંદ |
| (iv) જયદેવ | (d) અર્થશાસ્ત્ર |
| | (e) અષ્ટાધ્યાયી |

(A) i – d, ii – e, iii – a, iv – e

(B) i – d, ii – e, iii – b, iv – c

(C) i – d, ii – e, iii – c, iv – a

(D) i – d, ii – e, iii – c, iv – b

10) મહાન મુસાફર યુઅન-શ્વાંગે સાતમી સદીમાં ભારતની કઈ પ્રાચીન અને પ્રસિદ્ધ વિદ્યાપીઠની મુલાકાત લીધી હતી ?

(A) તક્ષશિલા (B) નાલંદા

(C) વલભી (D) વારાણસી

11) મોક્ષ પ્રાપ્તિના ત્રણ માર્ગો જ્ઞાન, કર્મ અને ભક્તિમાર્ગનું વિવેચન ........ ગ્રંથમાં કરવામાં આવ્યું છે ?

(A) રામાયણ (B) શ્રીમદ્ ભગવદ્‌ગીતા

(C) મહાભારત (D) ઉપનિષદ

12) નીચેનામાંથી કયું જોડકું ખોટું છે ?

(A) હડપ્પા – નર્તકીની પ્રતિમા

(B) કુષાણ રાજવીઓ – બુદ્ધની પ્રતિમાઓ

(C) સમ્રાટ અશોક – ધનુર્ધારી રામનું શિલ્પ

(D) ચોલ રાજવીઓ – નટરાજનું શિલ્પ

13) અકબરે આગરાનો કિલ્લો ક્યારે બંધાવ્યો હતો ?

(A) ઈ. સ. 1628 માં (B) ઈ. સ. 1707 માં

(C) ઈ. સ. 1565 માં (D) ઈ. સ. 1580 માં

14) ખજૂરાહોનાં કુલ મંદિરોમાંથી આજે કેટલાં મંદિરો છે ?

(A) 18 (B) 25

(C) 52 (D) 75

15) નીચેનામાંથી કયો વાવનો પ્રકાર નથી ?

(A) વિજયા (B) તદા

(C) ભદ્રા (D) નંદા

16) કુતુબમિનારને લાલ પથ્થર અને આરસથી બનાવવામાં આવ્યો છે. તેની ઉપર કઈ આયાતો કંડારવામાં આવી છે ?

(A) કુરાન

(B) બાઈબલ

(C) અવેસ્તા

(D) ભગવદ્‌ગીતા

17) તાજમહેલના શ્વેત સંગેમરમર(આરસ) ઝાંખા અને પીળા પડી રહ્યા હતા. તેનું શું કારણ હતું ?

(A) ધ્વનિ પ્રદૂષણ

(B) વાયુ પ્રદૂષણ

(C) જળ પ્રદૂષણ

(D) ભૂમિ પ્રદૂષણ

18) ઘોડેસવારીની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન અને રોજગારી કયા ઉદ્યોગથી મળી રહે છે ?

(A) વાહન ઉદ્યોગ

(B) શણ ઉદ્યોગ

(C) પર્યટન

(D) સુતરાઉ ઉદ્યોગ

19) નીચેનામાંથી કયા રાષ્ટ્રીય ઉદ્યાનમાં એક શિંગી ગેંડો જોવા મળે છે ?

(A) કાંઝીરંગા (B) દચીગામ

(C) કોર્બેટ (D) વેળાવદર

20) ભારતનાં જંગલોમાંથી કયું પ્રાણી નષ્ટ થઈ ચૂક્યું છે ?

(A) ચિત્તો (B) વાઘ

(C) સિંહ (D) દીપડો

21) એક શાળાના વિદ્યાર્થીઓ ભારતની જૈવિક કૃષિ પદ્ધતિઓની ચર્ચામાં ભાગ લે છે. તેમાંથી કયા વિદ્યાર્થીનો મત ખોટો છે ?

મનીષ : તેમાં કોઈપણ રાસાયણિક ખાતર કે જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવામાં આવતો નથી.

રાહુલ : તેમાં રાસાયણિક ખાતરનો જરૂરિયાત પૂરતો ઉપયોગ થાય છે.

કેતન : તેમાં છાણીયું ખાતર, અળસિયાનું ખાતર, લીમડાનું દ્રાવણ અને છાશનો ઉપયોગ કરે છે.

મનન : ખેતીની સાથે પશુપાલન, મરઘાં બતકાં ઉછેર, મધમાખી ઉછેરની પ્રવૃત્તિ કરવામાં આવે છે.

(A) મનીષ, રાહુલ, કેતન (B) કેતન અને મનન

(C) રાહુલ અને મનન (D) મનીષ અને કેતન

22) મને ઓળખો. હું ડુંગરાળ પ્રદેશમાં વસતા આદિવાસીનો મુખ્ય ખોરાક છું. પોષકતત્ત્વોથી ભરપુર તૃણ ધાન્ય પાક છું. મારામાં કેલ્શિયમ અને આયર્નનું પ્રમાણ વધારે છે.

(A) નાગલી (B) ઘઉં

(C) જુવાર (D) બાજરી

23) નીચેનામાંથી કોને 'સફેદસોના' તરીકે ઓળખાય છે ?

(A) રેશમ (B) રૂ


(C) ઊન (D) રબર

24) જીરું, વરિયાળી, ઈસબગુલના ઉત્પાદનમાં ભારતમાં કયું રાજ્ય પ્રથમ સ્થાને છે ?

(A) રાજસ્થાન (B) ગુજરાત

(C) મહારાષ્ટ્ર (D) ઉત્તર પ્રદેશ

25) નીચે આપેલ ભારતના નકશામાં કઈ બહુહેતુક યોજના દર્શાવવામાં આવી છે ?



(A) દામોદર ખીણ (B) હીરાકુંડ

(C) કોસી (D) તુંગભદ્રા

26) વર્ગખંડમાં 'ખેત તલાવડી' વિશે વિદ્યાર્થીઓની ચર્ચા દરમિયાન રજૂ થયેલું કયું વિધાન યોગ્ય છે ?

(A) શ્રદ્ધા – તે વૃષ્ટિ સંચયની એક પદ્ધતિ છે.

(B) હીના – તે પીવા યોગ્ય પાણીની પ્રાપ્તિનું મહત્ત્વનું સંસાધન છે.

(C) રીમા – તે વધુ વૃક્ષો વાવો આંદોલનનું મહત્ત્વનું અંગ છે.

(D) નીલા – તે જમીનનું ધોવાણ અટકાવવાની આધુનિક તકનીક છે.

27) ભારતના કયા રાજ્યમાં સિંચાઈ ક્ષેત્રનું પ્રમાણ સૌથી વધુ છે ?

(A) પંજાબ (B) મિઝોરમ

(C) ગુજરાત (D) રાજસ્થાન

28) નીચેના જોડકાં સાચાં જોડી ઉત્તર શોધો.

| | |
|---|---|
| (a) ચાંદી, પ્લેટિનિયમ | (1) સામાન્ય ઉપયોગમાં લેવાતું ખનીજ |
| (b) મેગ્નેશિયમ, ટીટાનિયમ | (2) મિશ્રધાતુ રૂપે વપરાતી ખનીજ |
| (c) સીસું, નિકલ | (3) કીમતી ધાતુમય ખનીજ |
| (d) ટંગસ્ટન, વેનેડિયમ | (4) હલકી ધાતુમય ખનીજ |

(A) (a – 1), (b – 3), (c – 2), (d – 4)

(B) (a – 3), (b – 4), (c – 1), (d – 2)

(C) (a – 1), (b – 2), (c – 4), (d – 3)

(D) (a – 4), (b – 1), (c – 3), (d – 2)

29) સીસાની ધાતુને ........ કહે છે.

(A) હેમેટાઈટ (B) બોક્સાઈટ

(C) લિગ્નાઈટ (D) ગેલેના

30) વિશ્વનું સૌથી મોટું ખનીજતેલ શુદ્ધિકરણનું સંકુલ ક્યાં આવેલું છે ?

(A) કોયલી

(B) દિગ્બોઈ

(C) જામનગર

(D) ચેન્નાઈ

31) નીચેના નગરોમાંથી કયા નગરને સુતરાઉ કાપડનું વિશ્વ મહાનગર કહે છે ?

(A) મુંબઈ (B) ઈન્દોર

(C) અમદાવાદ (D) નાગપુર

32) નીચેનામાંથી કઈ જોડી રાસાયણિક ખાતર ઉદ્યોગની દૃષ્ટિએ ખોટી છે ?

(A) મહારાષ્ટ્ર - પણજી (B) તમિલનાડુ - રાનીપેટ

(C) બિહાર - સિંદરી (D) ગુજરાત - વડોદરા

33) O.N.G.C. અને રાજ્ય સરકારને કઈ સંસ્થા હેલિકોપ્ટરની સેવા આપે છે ?

(A) ઈન્ડિયન એરલાઈન્સ (B) ઈન્ડિગો

(C) ગો-એર (D) પવનહંસ

34) ભારતનો સૌથી લાંબો રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર કયો છે ?

(A) N.H. - 1 (B) N.H. - 8

(C) N.H. - 7 (D) N.H. - 2

35) સમૂહ સંસારના મુદ્રિત માધ્યમમાં નીચેનામાંથી કયાનો સમાવેશ થતો નથી ?

(A) દૈનિક સમાચાર પત્ર (B) સામયિક

(C) મોબાઈલ ફોન (D) હસ્તપ્રત

36) હાલમાં વિશ્વમાં મોટા ભાગનાં દેશોમાં કયા પ્રકારનું અર્થતંત્ર પ્રવર્તે છે ?

(A) સમાજવાદી (B) મિશ્ર પદ્ધતિ

(C) બજાર પદ્ધતિ (D) મૂડીવાદી

37) ઉત્પાદનની પ્રક્રિયામાં ત્રણેય સાધનોનો કુશળતા પૂર્વક સંયોજન કરનારને ....... કહે છે.

(A) મૂડી (B) શ્રમ

(C) જમીન (D) નિયોજક

38) વિશ્વમાં કયા દિવસને 'વિશ્વ પર્યાવરણ દિન' તરીકે ઉજવવામાં આવે છે ?

(A) 12 માર્ચ (B) 5 જૂન

(C) 11 જૂન (D) 8 માર્ચ

39) નીચે આપેલમાંથી કયા ક્ષેત્રને ખાનગીક્ષેત્ર માટે ખુલ્લું મુકવામાં આવ્યું નથી ?

(A) સંરક્ષણ (B) સંદેશા વ્યવહાર

(C) વિદ્યુત ઉત્પાદન (D) ખાંડ ઉદ્યોગ

40) દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે જોડવાની પ્રક્રિયા એટલે .......

(A) ઉદારીકરણ (B) વૈશ્વિકીકરણ

(C) ખાનગીકરણ (D) રાષ્ટ્રીયકરણ

41) સમાજના લોકો પ્રાથમિક જરૂરિયાતો લઘુત્તમ ભાવે પણ પ્રાપ્ત કરી શકવા સમર્થ ન હોય તેઓ કયા પ્રકારના ગરીબ ગણાય ?

(A) સાપેક્ષ ગરીબ

(B) નિરપેક્ષ ગરીબ

(C) ગરીબી રેખાની ઉપર

(D) તુલનાત્મક ગરીબ

42) એક કારખાનાના માલિકે પોતાની જરૂર કરતાં 10 શ્રમિકો વધુ રોક્યાં છે. આ 10 શ્રમિકોને ખસેડી લેવામાં આવે તો કુલ ઉત્પાદનમાં કોઈ ફેર પડતો નથી. તો આ શ્રમિકો બેરોજગારીના કયા પ્રકારમાં ગણી શકાય ?

(A) માળખાગત બેરોજગારી (B) ઘર્ષણજન્ય બેરોજગારી

(C) પ્રચ્છન્ન બેરોજગારી (D) ઔદ્યોગિક બેરોજગારી

43) અર્થતંત્રમાં નાણાનો પૂરવઠો વધારવાનો કે ઘટાડવાનો નિર્ણય કઈ બેંક લે છે ?

(A) R.B.I. (B) S.B.I.

(C) C.B.I. (D) I.D.B.I.

44) P.A.S.A. નું પૂરું નામ નીચેનામાંથી કયું છે ?

(A) પ્રિવેન્શન ઑફ એન્ટિસોશ્યલ સોશ્યલ એક્ટ

(B) પ્રોટેક્શન ઑફ એન્ટિસોશ્યલ એક્ટિવિટીઝ એક્ટ

(C) પ્રિવેન્શન ઑફ એનાટોમી એક્ટિવિટીઝ એક્ટ

(D) પ્રિવેન્શન ઑફ એન્ટિસોશ્યલ એક્ટિવિટીઝ એક્ટ

45) રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ?

(A) 24 ડિસેમ્બર (B) 15 માર્ચ

(C) 25 માર્ચ (D) 14 ડિસેમ્બર

46) દૂધ અને દૂધની બનાવટો, માંસ, માછલી તેમજ ખાદ્ય પદાર્થોના ઉત્પાદનોને પ્રમાણિત કરવાનું અને આંતરરાષ્ટ્રીય સ્તરે વેપારનીતિ નિયમોનું ઘડવાનું કાર્ય કોણ કરે છે ?

(A) I.S.O. (B) F.P.O.

(C) C.A.C. (D) એગમાર્ક

47) ભવિષ્યમાં ભાવ વધારો થવાનો છે. એવી આગાહીથી લોકો શું કરે છે ?

(A) સંગ્રહખોરી (B) દાણચોરી

(C) નફાખોરી (D) કાળાબજાર

48) ભારતનો કયો પાડોશી દેશ માનવ વિકાસના સંદર્ભમાં ભારત કરતાં વધુ સારી સ્થિતિ ધરાવે છે ?

(A) અફઘાનિસ્તાન (B) શ્રીલંકા

(C) નેપાળ (D) પાકિસ્તાન

49) ભારતમાં નકસલવાદી આંદોલન કઈ વિચારધારાથી પ્રેરીત છે ?

(A) કાર્લ માર્ક્સ્ (B) હિટલર

(C) માઓ-ત્સે-તુંગ (D) લેનિન

50) જોડકાં જોડી સાચો વિકલ્પ પસંદ કરો.

| રાજ્ય | બળવાખોરી સંગઠન |
|---|---|
| (1) નાગાલેન્ડ | (a) ટી.યુ.જે.એસ. |
| (2) મણિપુર | (b) ઉલ્ફા |
| (3) ત્રિપુરા | (c) કે.એન.એફ. |
| (4) આસામ | (d) એન.એસ.સી.એન. |

(A) 1 – d, 2 – c, 3 – a, 4 – b

(B) 1 – d, 2 – a, 3 – c, 4 – b

(C) 1 – c, 2 – d, 3 – a, 4 – b

(D) 1 – b, 2 – c, 3 – a, 4 – d

# 10(G)

(MARCH, 2018)
(New Course)

## (Part - B)

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નનો ક્રમ 1 થી 18 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.
6) પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.
7) પ્રશ્ન-18 નકશાપૂર્તિનો છે. તેમાં ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.

### વિભાગ - A

■ **નીચેના પ્રશ્નક્રમાંક 1 થી 5 ના ગુણ સરખા છે. દરેકના 2 ગુણ છે. પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ લખો.**

1) 'ગુજરાતનો સાંસ્કૃતિક વારસો' ટૂંકમાં સમજૂતી આપો. [2]

2) 'લોથલ' ભારતનું અગત્યનું બંદર હતું. સમજાવો. [2]

અથવા

'મોહેં-જો-દડો'ની ગટર યોજના વિશે માહિતી આપો.

3) પ્રવાસન સ્થળોની સ્વચ્છતા અને જતન વિશે તમારા મંતવ્યો લખો. [2]

4) સંસાધન એટલે શું ? માલિકીના આધારે તેનું વર્ગીકરણ વિગતે સમજાવો. [2]

5) કૃષિ સંશોધન ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓના નામ લખો. [2]

અથવા

ભારતના અર્થતંત્રમાં કૃષિનું યોગદાન વર્ણવો.

## વિભાગ - B

■ **નીચેના પ્રશ્નક્રમાંક 6 થી 10 ના ગુણ સરખા છે. દરેકના 2 ગુણ છે. પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ લખો.**

6) જળ વ્યવસ્થાપન માટે કયા મુદ્દાઓને ધ્યાનમાં રાખવા જોઈએ. [2]

7) આધુનિક યુગને 'ખનીજયુગ' કહે છે. શા માટે ? [2]

8) વિકાસશીલ અર્થતંત્રનાં કોઈપણ ચાર લક્ષણો જણાવો. [2]

9) ભારતનું વન્યજીવ વૈવિધ્યસભર શાથી છે ? [2]

10) બળવાખોરી અને આતંકવાદ વચ્ચેનો તફાવત જણાવો. [2]

અથવા

આતંકવાદની આર્થિક અસરો જણાવો.

## વિભાગ - C

■ **નીચેના પ્રશ્નક્રમાંક 11 થી 15 ના ગુણ સરખા છે. દરેકના 3 ગુણ છે. પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ લખો.**

11) ભારતની પ્રાચીન કલા તરીકે હાથ વણાટ વિશે સમજૂતી લખો. [3]

12) એલિફન્ટા ગુફાઓ વિશેની નોંધ લખો. [3]

13) પર્યાવરણીય અતિક્રમણને રોકવાના ઉપાયો જણાવો. [3]

14) બેરોજગારીનો અર્થ જણાવી કોઈપણ બે વિશે સમજૂતી આપો. [3]

અથવા

ગરીબી નિવારણની વ્યૂહરચનાઓ વિશેની સમજૂતી આપો.

15) મહિલા સમાનતા અંગે ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ વિશેની સમજૂતી લખો. [3]

અથવા

માનવ વિકાસ આંકના માપનની નવી પ્રવિધિમાં કયા કયા નિર્દેશકોનો ઉપયોગ કરાય છે ? તે સવિસ્તાર સમજાવો.

## વિભાગ - D

■ **નીચેના પ્રશ્નક્રમાંક 16 થી 18 ના ગુણ સરખા છે. દરેકના 5 ગુણ છે. પ્રશ્નોના જવાબ માગ્યા મુજબ લખો.**

16) પ્રાચીન ભારતે રસાયણવિદ્યામાં સાધેલી પ્રગતિનું વર્ણન કરો. [5]

અથવા

ગ્રાહકે ખરીદી કરતી વખતે શી કાળજી રાખવી જોઈએ ?

**17)** ભારતીય બંધારણમાં કયા બાળ અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે ? **[5]**

**18)** ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો. **[5]**

1) કાળી જમીનનું એક ક્ષેત્ર

2) રણથંભોર રાષ્ટ્રીય ઉદ્યાન

3) શણ ઉત્પાદનનું એક ક્ષેત્ર

4) સુતરાઉ કાપડ ઉદ્યોગનું કોઈ એક કેન્દ્ર

5) રાષ્ટ્રીય જળમાર્ગ - 2

**ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે**

1) કાળી જમીન ધરાવતું કોઈએક રાજ્યનું નામ લખો.

2) રણથંભોર રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં આવેલું છે ?

3) શણનું સૌથી વધુ ઉત્પાદન કયા રાજ્યમાં થાય છે ?

4) સુતરાઉ કાપડ ઉદ્યોગનું એક કેન્દ્રનું નામ આપો.

5) રાષ્ટ્રીય જળમાર્ગ - 2 કયા બે સ્થાનોને જોડે છે ?